મહાનન્દ કરમશી શાહ અને મોદી
એ. વી. સ્કૂલ વિદ્યાર્થી મંડળ
તરફથી ઉજવાતી

શ્રી મહાવીર
જયન્તિ
માળા.
મણકો ૧.

32 શ્રી

મહાવીર.



પ્રયોજક અને પ્રકાશક

વીરજી [illegible] માસ્તર.

મુંબઇ.

કહાનજી કરમશી શાહ અને માંડવી એ. વી. સ્કુલ વિદ્યાર્થી મંડળ

તરફથી ઉજવાતી

શ્રી મહાવીર જયન્તિ માળા.

મણકો ૧.

શ્રી મહાવીર.

પ્રયોજક

વીરજી રાજપાલ માસ્તર.

ચૈત્ર શુદ ૧૩ ૧૯૭૦. પ્રત ૪૦૦૦. એપ્રીલ ૮ ૧૯૧૪

શ્રી જ્ઞાનમન્દિર પ્રિન્ટિંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું.

સાકડીશેરી રોડ—અમદાવાદ.

જયન્તિ એટલે ?

પ્રસ્તાવના

બે સ્નેહીઓ મળે એટલે હાથ જોડી 'જય' 'જય' કરવાનો રીવાજ છે. પ્રભુની આરતીમા 'જયદેવ' 'જયદેવ' નો ઘોષ થાય છે. મહાત્મા પ્રતાપી પુરૂષોના સંબંધમાં 'એમનો વિજય થાઓ' એમ બોલાય છે. રાજા મહારાજાના સંબંધમાં પણ 'આપનો જય થાઓ' એમ ઘોષણા થાય છે. આમ સત્તા–પવિત્રતા–મહત્તાનોજ સર્વત્ર વિજય થાઓ એટલે એ ગુણો પ્રસરો–એ ગુણોના અંશો આપણામાં દાખલ થાવ એજ ઇચ્છા હોય છે. જગતમાં સર્વ વસ્તુ મનોબલથી–મનની દ્રઢતાથી બની શકે છે. પોતાનામાં સારા અંશો દાખલ કરવા મનુષ્ય ઇચ્છે તો કરી શકે. આ માટેજ પોતે પવિત્ર રહી સદ્ગુણોનું ચિત્વન કરી પોતાની આગળ પાછળનું વાતાવરણ પણ પવિત્ર બનાવવાની જરૂર છે. આમ પોતે એકલોજ નહિ પણ પોતાના બન્ધુઓની સાથે પવિત્ર વાતાવરણ બનાવી–સદ્ગુણોનું મનન કરવું અને એનું પોતાનામાં આરોપણ કરવું એજ જયન્તિનો ઉદ્દેશ હોય છે.

હિંદુઓની કેટલીક કોમોમાં શ્રાદ્ધ એટલે મૃત્યુ પામેલની મૃત્યુ તિથિ ઉજવવાની પદ્ધતિ છે. તે દિવસે બ્રહ્મભોજન કરાવવાનો રીવાજ હોય છે. શ્રાદ્ધનો આ ઉપયોગ હોય વા ના હોય એ વિવાદગ્રસ્ત વિષય છે, પરન્તુ મૂળ ઉદ્દેશ જયન્તિજ હોવો જોઈએ. વીરપૂજા એ આપણા દેશનુ ચિન્હ છે. આપણા પિતા, પ્રપિતા, માતા કે માતામહનમાં કાંઇક સદ્‌ગુણો તો હોવાજ જોઇએ જેનું આપણે અનુકરણ કરી શકીયે. તો પછી એમની મૃત્યુતિથિએ માત્ર બ્રહ્મભોજનમાંજ વખત બગાડયા કરતાં તેમના જીવનક્રમનો અભ્યાસ કરીએ. આપણાં નાંનાં બાઇ બ્હેન આગળ આપણા વડીલ–મૃત્યુ પામેલા વડીલોના જીવનના દૃષ્ટાન્તો આપીએ અને તેમનામાં ઉત્સાહ–પ્રેમ–અને બીજા ગુણો દાખલ કરવા બે ઘડીએ તેજ ઉત્તમ શ્રાદ્ધ, તેજ ઉત્તમ જયન્તિ. આમ દરેક કુટુમ્બમાં શુભ હેતુથી જયન્તિ ઉજવાતી હોય–ભૂતકાળમાં થઇ ગયેલાં સ્ત્રી પુરૂષોએ દર્શાવેલા અનુકરણીય ગુણો આપણામાં દાખલ કરીએ એના જેવો બીજો કયો વિજય! વ્યક્તિની ઉન્નતિમાંજ પ્રજાની ઉન્નતિ માનીયે તો

શ્રાદ્ધ જયન્તિ.

પછી આમ એક કુટુમ્બ સુધરે એટલે જનસમાજ સુધરેજ પરન્તુ દુર્ભાગ્યની વાત છે કે જયન્તિનો આ ઉદ્દેશ રહ્યો નથી. માત્ર બ્રહ્મભોજનમાંજ જયન્તિ સમાઇ રહી છે.

વીરપૂજા. કુટુમ્બના એક માણસ માટે આમ બને, પણ જનસમાજના—દેશના વીર માટે શું ? જન- સ્વભાવજ એ છે કે મનુષ્યને સદ્‌ગુણ, પ્રભવ, પવિત્રતા માટે આકર્ષણ થાયજ. જે મહાત્માએ સ્વદેશને માટે, ધર્મને માટે, અનેક પીઢીઓને માટે નિસ્વાર્થપણે જીવન વ્યતીત કર્યું છે તેમને જનસમાજ વીર માનવાનીજ. આ વીરો એક કુટુમ્બનાજ વીરો નથી. આ મહાત્માઓના ગુણાનુવાદ માત્ર એક કુટુમ્બમાજ થતા નથી. એ મહાત્માઓ તો જનસમાજના—જેઓ માને તેના—માર્ગદર્શક હોય છે. આટલાજ માટે શ્રીરામ, શ્રીકૃષ્ણ શ્રીમહાવીર વીગેરેની જયન્તિ જનસમાજ ઉજવે છે અને ત્હેમનાં યશોગાન સ્થળે સ્થળે ગવાય છે. જે દેશમાં આ વીરપૂજા થતી નથી, જે દેશમાં આવા મહાત્માનાં કીર્તનો થતાં નથી, જે દેશમાં બાલકોના કુમળા મગજમાં આ પ્રભાવશાળી મહાત્માઓની જીવનરેખા દોરાતી નથી, તે દેશ

ઉન્નતિને માર્ગે શી રીતે જાય ? જયન્તિનો ઉચ્ચ આશય ત્યજાયો ને શ્રાદ્ધ બ્રહ્મભોજન દાખલ થયું. પરન્તુ વખત પલટાયો છે. યુરોપ અને અમેરીકામાં થતી વીરપૂજાની પદ્ધતિ આપણા દેશમાં દાખલ થઇ છે અને આપણી જુની વીરપૂજા વધારે પવિત્ર વધારે ઉત્સાહભરી વધારે આકર્ષક થઇ છે.

જયન્તિ કોની ઉજવવી ?

પ્રત્યેક કુટુમ્બમાં આવી વીરપૂજા–કુળ પરંપરા પ્રમાણે સદ્ગુણો આવે એટલા માટે આવી વીરપૂજા–વડિલોની જયન્તિ–ઉજવવાની જરૂર છે. પરન્તુ જનસમાજમાં તો તેમની જયન્તિ ઉજવાવીજ જોઇએ. જેઓએ પવિત્ર જીવન ગાળ્યું હોય, જેમણે પરસેવા, ભુતદયા–પ્રભુપરાયણતામાંજ જીવન વ્યતીત કર્યું હોય, જનસમાજને રાજકીય, ધાર્મિક, આત્મિક કે નૈતિક ઉન્નતિને ટોચે લઇ જવા શ્રમ કર્યો હોય, તેવા મહાત્માઓનાં યશોગાન ગાવાં, એમના સદ્ગુણો આપણા બાળકોમાં પ્રવેશ કરવા યત્ન કરવો, એજ જયન્તિનો હેતુ–આશય છે; અને

એ જ્યાં સુધી ન થાય, ગમે તેની જયન્તિ ઉજવવા ફાંફાં મરાય, તો લાભને બદલે હાનીજ થવાની.

કેમ ઉજવવી !

મહાત્માની જયન્તિ ઉજવવાના ઉચ્ચ હેતુ સમજ્યા પછી તે કેમ ઉજવવી તે જાણવાની ઓછી આવશ્યકતા નથી ! વિદ્યા–બુદ્ધિ-પ્રકર્ષ વધતો જાય છે એ અરસામાં માત્ર ' જયદેવ જયદેવ ' કરી બેશી રહેવાથી ઉચ્ચ હેતુ બર આવતો નથી, બાળકોમાં સારા સંસ્કાર પડતા નથી. પરંતુ જે મહાત્માની જયન્તિ ઉજવવી હોય તે મહાત્માના જીવ-નનો અભ્યાસ કરી એ મહાત્માનાં જીવનદૃષ્ટાન્તો લઈ જન સમાજ આગળ મુકી, બાળકો સ્ત્રીઓ કિવા પુરૂષોમાં એ મહાત્મા માટે પૂજ્યભાવ થાય, એમનાં હૃદય વધારે કોમળ બને, વધારે પવિત્ર બને, વધારે સસ્કારી થાય, એ મહાત્મા-ના પગલે ચાલવા ઇચ્છા થાય, એમ થાય ત્યારેજ જયન્તિ ઉજવાઇ કહેવાય ! જયન્તિને દિવસે પ્રથમતો પ્રત્યેક મનુષ્ય–સ્ત્રી પુરૂષ કે બાળકે કાંઇ સત્કાર્ય કરવા પ્રતિજ્ઞા લેવી જોઇએ. તે દિવસ ક્રોધ, મદ, મોહ, મત્સર, હિંસા આદિથી દ્રઢતા-પૂર્વક દુર રહેવા પ્રયત્ન થવો જોઇએ. બાલકોને આનંદ દિવસ

અપાવી ત્હેમને તે વીર માટે સદ્‌ભાવ–પૂજ્યભાવ થાય એટલા માટે એ વીરાત્મા–મહાત્માની કથાનકો સંભળાવવી કિંવા પુસ્તકરૂપે વહેંચવી. સ્રીઓમાં એજ મહાત્માના ગુણાનુવાદવાળા ગરબા ગવડાવવા અને પુરૂષોમાં વ્યાખ્યાન દ્વારા સદ્‌બોધ કરાવવો. ટુંકામા તે દિવસે આનંદ, પ્રેમ, પવિત્રતા અને કાંઈક શિખવાની લાલસા વધે એમ કરવું.

છેવટ. આડંબર કરતાં અંતઃકરણથી, એક કર્તવ્ય તરીકે–જનસમજની–ભવિષ્યની પ્રજા તરફની આપણી જવાબદારી તરીકે જો આ નિયમથી જયન્તિઓ ઉજવાય તો આપણા ભૂતકાળના મહાત્માઓ–વીરાત્માઓ કોણ હતા એ પ્રશ્ન પૂછવાનો નહીં રહે એટલુજ નહી પણ કાયરતા–બાયલાપણુ–અનીતિ–અધર્મ વગેરે કઢાવવા માટે વારંવાર ફરિયાદ કરવાની કે ટોકણી કરવાની જરૂર નહી રહે.



६

वीरना पगले.

(હરિગીત છંદ.)

ભડું હચમચાવો ધર્મના, ઉપદેશથી આલમ બધી,
સેવક બની સાચા હૃદયથી, વીરના પગલે વહો;
આગળ સદા પગલાં ભરો, પાછા રહો નહિ ઉરથી,
કદી દિલથી ઢીલા બનો ના, શૂરવીરતા દાખવો. ૧.
" ભાવી હશે થાશે સહુ, વા કર્મ જેવું તે થશે "
બોલો નહિ ઢીલાં વચન, ઉદ્યમથકી આગળ વધો;
શક્તિ સ્ફુરાવી હૃદયમાંહી, પ્રેમથી આગળ ચલો,
ઉદ્યમ કરો નિશ્ચય થકી, વરમાળ સિદ્ધિની વરો. ૨.
શ્રી વીરના ભક્તો બનીને, વીર્યહીન બનવું નહિ,
મહાવીરના ભક્તો હવે, ઝટ વીર્યને પ્રકટાવશો,
પુરૂષાર્થથી થાતું સહુ, એ વાતનો નિશ્ચય કરો;
શુભ જૈન શાસન સેવવામાં, શક્તિ સઘળી વાપરો. ૩.

કાલે થશે પછીથી થશે, એ વાત દુરે રાખશો,
આજે કરો અધુના કરો, એ વાત દિલમાં ધારશો;
શુભ જૈન શાસન ભક્તિમાં, ઝટ શક્તિ સર્વ વાપરો,
શ્રી વીરના વીરજ બનીને, વિશ્વ વહેલુ જગાવશો. ૪.



૪૯૪૬

૧૧

શ્રી મહાવીર.

૧

પૂર્વે ભારતખંડમાં ક્ષત્રિયકુંડ નામનું એક નગર હતું. એ નગરમા ઈક્ષ્વાકુ વંશનો સિદ્ધાર્થ નામનો પરમ પવિત્ર અને પ્રજાને સન્માર્ગે દોરનાર અને સંતોષનાર રાજા હતા. આ પુણ્યશાળી સિદ્ધાર્થ રાજાને ત્રિશલા નામે પતિપરાયણી સાધ્વી સ્નેહાળ પત્ની હતી. આ ત્રિશલાદેવીના ગર્ભમાં શ્રી મહાવીર પ્રભુ આવ્યા. મહાત્માઓ આમ કરવું એમ વારંવાર કહેતા નથી પરંતુ એમના જીવનમાંથી જન્મથી તે અવસાન સૂધીના જીવનક્રમથી બોધ લેનારને કાંઇને કાંઇ મળી રહે છે. શાસ્ત્રકારોએ સર્વ દેવોમાં માતૃદેવ પ્રથમ માન્યા છે અને વીર મહાત્મા મહાવીરે પોતાના કૃત્યથી જગતમાં અપ્રતિમ માતૃભક્તિનો બોધ આપ્યો છે. સંસારના અનુભવીને, મુખ્યત્વે કરી સ્ત્રીઓને વિદિત છે કે ગર્ભનું ફરકવું થાય છે. "જો હું માતાના ગર્ભમાં હાલીશ ફરકીશ તો

મારી પુત્રવત્સલ માતાને કષ્ટ થશે, દુ ખ થશે, " માતાને,–નવ મહિના ભારવહન કરનાર માતાને–ત્યાર પછી પણ ' સુકામાં સુવાડી ભીને પોઢી પોતે ' કરનાર નિઃસ્વાર્થ સ્નેહની મૂર્ત માતાને–દુ ખ ન આપવું માની શ્રી મહાવીર ગર્ભમાં ફરકયા નહી. શ્રી મહાવીરનો આ અભિગ્રહ–માતા પ્રત્યેનો ભાવ કેટલો ઉદાત ! જન્મયા પહેલાં તો શું પરંતુ જન્મ્યા પછી પણ ' માતાને સતાપીશ નહી એવી પ્રતિજ્ઞા કરી તેમ વર્તનારજ શ્રી મહાવીરને પગલે ચાલ્યો કહેવાય છે.

કાલક્રમે ચૈત્ર માસની શુકલ ત્રયોદશીએ ત્રિશલા દેવીએ શ્રી મહાવીરને જન્મ આપ્યો. શ્રી મહાવીરને વડિલ બન્ધુ હતા છતાં મહાવીરના જન્મથી નગરીમાં અધિક આનંદ પ્રવર્ત્યો. પુત્રના લક્ષણ પારણામાંથી જણાય એ ન્યાયે શ્રીમહાવીરનો પ્રભાવ, શ્રીમહાવીરનું તેજ, છૂપ્યું રહ્યું નહી. ' ચંદ છૂપે નહિ બાદલ છાયો, તેજ છૂપે નહી ભભૂત લગાયો ' તેમ શ્રીમહાવીરની પ્રભા સર્વ ઉપર પડવા લાગી.

જાત કર્માદિ સસ્કાર કર્યા પછી જન્મથી બારમે દિવસે નામકરણ સસ્કાર કરવામાં આવ્યા. શ્રીમહાવીરના જન્મથી નગરમાં આનંદ વધ્યો હતો. કુટુમ્બમાં સ્નેહની વૃદ્ધિ થઇ

હતી. એટલે શ્રીમહાવીરનું વર્ધમાન નામ પાડવામાં આવ્યું.

મહાવીર વર્ધમાન આઠ વર્ષના થયા. પોતે એક ક્ષત્રિય રાજપુત્ર હતા. તહેનાતમાં અસંખ્ય દાસ દાસીઓ રહેતી. સામાન્ય વર્ગના લોક તરફ નજર પણ ન કરવી હોય તો પણ ન કરે એવી પદવી હતી. છતાં શ્રીમહાવીર પોતાના સમોવડીયા બાલકો સાથે નિરંકુશ રમતા. તેમને પ્રેમથી બોલાવતા. શ્રીમહાવીરના જીવનમાંથી આ બીજો બોધ લેવાનો છે. આપણા મોટરકારમાં ફરનારા, પૈસામાં આળોટનારા, પોતાને ઉંચા માનનારા શ્રીમન્તો, સત્તાધિશો, ગરીબો પ્રત્યે તિરસ્કારની નજરે જૂવે છે, તો પછી તેમની સાથે હળે તો ક્યાંથીજ ? શ્રીમહાવીરે પોતાના દૃષ્ટાન્તથી પરમાત્માને રાજી રાખવા હોય તો પ્રાણીમાત્ર સાથે સમભાવ રાખો એ કરી દેખાડ્યું.

શ્રીમહાવીરના બાળજીવનમાંથી ત્રીજો બોધ નિડરતાનો લેવાનો છે. હાલ બાલ્યાવસ્થાથીજ બાલકોને બાયલા બનાવવામાં આવે છે. 'બાઘડો આવ્યો,' અંધારામાં કે એકલો જાય તો બાલકને કાંઈ કરડશે ! એકલા જવાય નહિ, એમ કહી એમને નાહિમત બનાવવામાં આવે છે. શ્રીમહાવીરે નિડર બહાદૂર થવાનો ઉપદેશ કર્યો છે, એક સમય મહાવીર રમતા

હતા ત્યાં એક ભયંકર સર્પ આવ્યો. આ સર્પને જોઇ બીજા કુમારો, બાળકો ભયથી ન્હાસી ગયા. શ્રીમહાવીર જરા પણ ગભરાયા નહી. હિમત રાખી દૃઢતાથી તે સર્પને પકડયો અને દૂર કર્યો. ઘરમાં વીંછી કાનખજુરો કે સર્પ નિકળે, તો આપણા બાળકો તો શું પણ મ્હોટાં સ્ત્રીપુરૂષો પણ કેટલાં ગભરાય છે ! નિડરતાની ટેવ જેટલી કેળવાય એટલી ઓછી છે. આપણાં બાલકો કીડી મંકોડી–સાપ–વીંછી કે વાઘ દેખીને ગભરાય તો પછી જનસમાજ માટે, રાજ્યભક્તિ માટે, સહનશક્તિ, નિડરતા, કયારે આવવાની ?

શ્રીમહાવીર પ્રભુ સર્વજ્ઞ હતા, બુદ્ધિશાળી હતા, છતાં જગતમાં દાખલો બેસાડવા અભ્યાસ, જ્ઞાન, કેળવણી આવશ્યક છે એ દર્શાવવા ગુરૂને ઘેર ગયા અને અભ્યાસ કર્યો. શ્રીમહાવીર રાજપુત્ર હતા. એમને દ્રવ્યની ન્યૂનતા નહોતી છતાં ખંત, ઉમંગથી પિતાએ અભ્યાસ કરાવ્યો અને પૂર્ણ જ્ઞાન મેળવ્યું. આપણા શેઠીયાઓ તવંગરો–" અમારા પુત્રોને વળી અભ્યાસની માથાકૂટ શી ? એમને કયાં નોકરી કરવા જવું છે. ? "એ વિચારે પૂરો અભ્યાસજ કરવા દેતા નથી. બેચાર પારણા ચલાવવાદે તે-શાળા ઉપર કેળવણીખાતા ઉપર ઉપકાર કરતા હોય તેમ. શ્રી-

મહાવીરના ભક્તો, શ્રી મહાવીરના અનુયાયીઓ, એ મહાત્માને પગલે ચાલો. ગમે તે સ્થિતિનાને પણ વિદ્યાભ્યાસ આવશ્યક છે એ જાણવું જોઇએ.

શ્રીમહાવીરને જન્મથીજ ઉચ્ચ સંસ્કાર હતા એટલે અનીતિ–અયોગ્ય વિચાર કે વિકારોનો પ્રવેશ થાય એમ નહોતો. જ્યારે આપણા હાલના યુવાનો શૃગારયુક્ત નાટકો, નોવેલોની અસરથી, ઘેર કે બ્હાર નીતિના સસ્કારો ન પડેલા હોવાથી સમવયસ્ક સાથે સ્રીપુરૂષોની વાતો કરી શુદ્ધ બ્રહ્મચર્યને ક્ષતિ આપે છે ત્યારે આપણને કેટલો શોક થાય છે! વીસ કે પચીસ વર્ષ સૂધી લગ્ન ન કરવું એમાંજ બ્રહ્મચર્ય આવી રહેતું નથી, પરન્તુ એ વયસૂધી લગ્ન થતા સૂધી અપવિ॰ વિચારો ન આવે એવી મનની ઘટના કરવી એમાંજ મહત્તા છે. સ્રીઓથી દૂર રહેવા, વનવાસ કરવા કરતાં જનસમાજમાં રહી એ વાસના પોષવીજ નહી એમાંજ વિદ્યા ગૃહકેળવણી–સંસ્કારની ખૂબી રહી છે. શ્રીમહાવીરના જીવનમાંથી એજ શિખવાનુ છે. પોતે રાજપુત્ર હતા. યુવાન હતા. અનેક કન્યાઓ મેળવી શકત એવી સ્થિતિમાં હતા એટલું જ નહિ પણ સમરવીર નામના રાજાની યશોદા નામની સ્વરૂપવાન કન્યા મ.ટે માગુ આવ્યું છતાં

મહાવીરને જરા પણ વીકાર થયો નહી. આ જીતેન્દ્રિય વૃત્તિ કેળવી પ્રભુને પગલે ચાલવાની આપણા યુવાનોને ઓછી જરૂર નથી. મ્હોટી વયે લગ્ન થાય એ વંદનીય છે, પરન્તુ એ લગ્ન થતા સૂધી નિર્વિકાર રહેવું, થતા વિકારને દાબવા મનોબલની જરૂર છે અને આ મનોબલનો આધાર પ્રથમ તંદુરસ્તી, ગૃહ અને શાળાની કેળવણી—સત્સંગ અને પ્રબલ મનોનિગ્રહ ઉપર છે. શ્રીમહાવીરે લગ્ન કરવા સાફ ના પાડી.

જ્યારે સમરવીર તરફથી વિવાહને માટે કહેણ આવ્યું ત્યારે સિદ્ધાર્થ રાજાએ વિવાહની એકદમ હા પાડી નથી પરન્તુ પુત્રની ઇચ્છા જાણવા માણસો મોકલ્યા હતા. પરણાવવું એ શબ્દને બદલે પરણવુ એમ હતું. માતાપિતાજ કન્યાની કે વરની શોધ કરતા, પરતુ પરણનારની સંમતિ આવશ્યક હતી એ આ દૃષ્ટાન્તથી સાબીત થાય છે. તો મહાવીરને પગલે ચાલનાર, પોતાના બાલકોને :ઘોડીયામાંજ, બાલ્યાવસ્થામાંજ, ન પરણાવતાં યોગ્ય વયે આવતાં પ્રત્યક્ષ કે પરોક્ષ સંમતિ લેવા ભૂલશે નહિ.

શ્રીમહાવીરને સંસારમાં પડવા જરા પણ લાલસા નહોતી. વળી દીક્ષા લેવા અભિગ્રહ હતો પરન્તુ આ: સર્વ કરતાં માતા-

પિતાની આજ્ઞાનું પાલન એ એમને વિશેષ હતું. જગતમાં આત્મભોગ આપનારજ મહાત્મા ગણાયા છે.આત્મભોગથીજ પરમાત્મા રાજી થાય છે. આ આત્મભોગ પણ મ્હોટો હોવો જોઇએ. કેટલાક તીર્થની જગાએ જઇ અમૂક વસ્તુનો ત્યાગ કરે છે. હવે આ ત્યાગમા પણ છેતર પીંડી હોય છે. એક જણને રીંગણા ન ભાવવતાં હોય અને તીર્થમા જઇ રીગણા ન ખાવાનો આભગ્રહ કરે એ કાંઇ આત્મભોગ કહેવાય! નહિ જ. તમને અતિપ્રિય હોય, જે વિના તમને ઘડી ભર ચાલતું ન હોય ત્હેનો ત્યાગ કરવામાં જ આત્મભોગ સમાયેલો છે/શ્રીમહાવીરને દીક્ષાનાં સ્વપ્ના આવતાં હતાં. દીક્ષા કયારે લઉ એમ થયા કરતું હતું, સંસારની ધૂંસરી ગમતી નહોતી. આ સમયે કેવળ માતાપિતાના આગ્રહ અને સંતોષને લઇને જ શ્રીમહાવીરે યશોદા સાથે લગ્ન કર્યાં.

સામાન્ય રીતે એમ બને છે કે ઇચ્છા વિરૂદ્ધ લગન કરનાર પોતાની પત્ની-નિર્દોષ પત્નીને કનડે છે, સંસાર સુખ ભોગવતો નથી અને કુટુમ્બમાં કલેશ શિવાય કાંઇ જોતો નથી. શ્રી મહાવીરના જીવનમાંથી પગલે પગલે બોધ મળે છે. પોતે લગ્ન કરવાના નહોતા. કેવળ માતપિતાની આજ્ઞા ન લોપવાની ઇચ્છાથીજ પરણ્યા છતાં લગ્નની જવાબદારી માથે લીધી પછી

તે જવાબદારી પરિપૂર્ણ રીતે બજાવી આપણને કર્તવ્યભાન કરાવ્યુ છે. પત્નીને જરા પણ અસંતોષ આવવા દીધો નથી. એક દૃષ્ટાન્તરૂપ દૈવી દંપતીજીવન ગાળ્યું હતું. પતિપત્નીના પ્રેમની ગ્રન્થીરૂપ પ્રિયદર્શના નામની પુત્રી થઈ અને એ પુત્રીને યોગ્ય વયે જમાળી નામના રાજપુત્ર સાથે પરણાવી.

શ્રીમહાવીરને પુત્રી થઈ, એ પુત્રી પ્રિયદર્શનાજ હતી. સામાન્યત પુત્રીજન્મ હલકો લેખાય છે. પુત્ર થતાં જ્યારે સાકર વ્હેંચાય છે ત્યારે પુત્રી થતાં નિરાશા થાય છે. એ નિરાશા ન થાય, પુત્રી પણ આદરણીય છે, ભવિષ્યની કેળવાય તો ગૃહિણી ગૃહદેવી, વીરમાતા છે એ ભાવના ઉત્પન્ન થાય, એ હેતુ પણ આ પ્રિયદર્શનાના જન્મમાં હોય તો અસંભવિત નથી.

શ્રીમહાવીરનો અભિગ્રહ હતો કે જ્યાં સૂધી માતાપિતા હયાત છે, ત્યાંસૂધી મારે દિક્ષા ગ્રહણ કરી મારો પરમસ્વાર્થ સાધવો નથી. શ્રી મહાવીરના આ અભિગ્રહમાં કેટલો આત્મભોગ છે! નવા જમાનામાં સ્વતંત્રતા અને સ્વચ્છંદપણામાં બહુ ભેદ ન માનનારા યુવાનો માતાપિતાનું ગમે તે થાય, એમની ગમે તેમ મરજી હોય, મ્હારે મ્હારો સ્વાર્થ સમજવો જોઇએ, એ બોલનારને શ્રીમહાવીરના પગલે ચાલવા, મહાવીરના આ-

ત્મભોગ સમજવા, પ્રેમપૂર્વક વિનતિ છે.

શ્રીમહાવીર અઠ્ઠાવીશ વર્ષના થયા અને માતાપિતા દેવ લોકમાં ગયા. જ્ઞાની મહાવીરે પોતાના વડિલ બન્ધુ નંદિવર્ધનને શાન્ત કરી રાજ્યતંત્ર સોંપ્યું અને દીક્ષા લેવા દેવાની સમ્મતિ માગી. નંદિવર્ધનને શ્રીમહાવીરની આ માગણી આઘાતરૂપ થઇ! આ બન્ધુઓ વચ્ચે કેટલો પ્રેમ! પિતાની મિલ્કત માટે લડનારા કોર્ટની દેવડીએ રખડનારાઓમાં આ બન્ધુ પ્રેમ ક્યાંથી સમજાય! રાજ્યના ભાગ પડાવનાર, સંસારનો ત્યાગ કરી જવા તૈયાર થનારને પ્રેમથી-લાગણીથી રહો રહો કહેનાર કેટલા બન્ધુ હશે? બન્ધુભાવની આથી બીજી કઇ પરાકાષ્ઠા! આત્મભોગ, પરસેવા બીજાને સુખી કરવા એ જેનો જીવનમંત્ર છે એવા મહાવીરને પોતાના વડિલ બન્ધુ નંદિવર્ધનને સંતોષ્યા. પોતાનો સંકલ્પ મુલ્તવી રાખ્યો, અને બન્ધુની ઇચ્છા મુજબ ઘરમાં બે વર્ષ ગાળ્યાં. બે વર્ષ પછી શ્રીમહાવીરે દિક્ષા લીધી અને સગાં, સંબંધી નગર વગેરેનો ત્યાગ કરી કેવળ પ્રાણી માત્રને પોતાનાં બન્ધુ માની જીવન વ્યતીત કરવા આરંભ કર્યો.

મહાવીરે દીક્ષા લીધી તે પહેલાં દાન ક્રિયા કરી હતી. દાન ક્રિયા પછી દીક્ષા [illegible]

અકિંચન ગરીબ બ્રાહ્મણ દાન માટે એમની પાસે આવ્યો. મહાપ્રભુએ આપણા મદોન્મત્ત સંસારી પેઠે આ ભિક્ષુકને ગાળો દીધી નહી. તેનો તિરસ્કાર કર્યો નહી. પરન્તુ એ યથાસ્થિત દરિદ્રી છે એમ ખાતરી થતાં પોતાનું અર્ધ વસ્ત્ર આપ્યું. દયા—અનુકંપાનું અનુકરણીય દૃષ્ટાન્ત આથી બીજું કયું.

શ્રી મહાવીરે છ વર્ષ આમ વિહાર કર્યો અને વિહાર દરમ્યાન એમના અનેક ગુણો પ્રકાશી જગતને બોધરૂપ થયા હતા. ક્ષમા એ મહાવીરનો સ્વભાવ જન્યગુણ હતો. એક-વેળા મહાવીર ધ્યાનસ્થ હતા. એવામાં એક ગોવાળના બેલો ફરતા ફરતા મહાવીરની પાસે ચરતા હતા. ગોવાળ ખોળતો ખોળતો ત્યાં આવ્યો અને એને એમ લાગ્યું કે બેલો ચોર-નાર આ છે. એમ થતાં મહાવીરને મારવા તૈયાર થયો. છતાં મહાવીરને જરા પણ ક્રોધ ન આવ્યો. ગોપના અજ્ઞાન માટે કેવળ હસ્યા. કાળે કરી ગોપને પોતાની ભુલ જણાઇ ને મહાવીરની ક્ષમા સાચી. ક્ષમા એજ વીરોનુ ભૂષણ છે અને વીરને પગલે ચાલનાર પ્રત્યેક મનુષ્યે આ ક્ષમાનું ભૂષણ પહેરવા જરૂર છે.

શ્રીમહાવીરે આમ આત્મ અનપરોન્નતિના કાર્યમાં બાર વરસ વ્યતિત કર્યા. એ બાર વર્ષ દરમિયાન અનેક સ્ત્રી પુરૂષોના આત્માનો ઉદ્ધાર કર્યો. સ્થળે સ્થળે ફરી દયા, ક્ષમા, પ્રેમવૃત્તિ પ્રસારી. મહાવીર જેવા અપ્રતિમ આત્માને આ જ્ઞાન માટે બાર બાર વર્ષો વ્યતિત કરવાં પડયાં. અનેક પ્રસંગોમાં આવવું પડયું. એજ દર્શાવી આપે છે કે જ્ઞાન મેળવવાનો રાજ માર્ગ નથી હોતો. ઉત્તમ ગુણોની સેવના, પ્રતિજ્ઞા, પ્રયત્નો અને કેવળ પરને માટે જીવવાના નિશ્ચયની જરૂર છે.

કાળ જતાં મહાવીરે સમવસરણમાં બેસી દેશના આપવા નિશ્ચય કર્યો. આ સમયે કેટલાક અજ્ઞાન બ્રાહ્મણોએ મહાવીરને હલકા પાડવા, એમને તોડી પાડવા, બલવત્તર પ્રયત્નો કર્યા, પરન્તુ ક્ષમાશીલ મહાવીર જરાપણ ડગ્યા નહી. હાલમાં કેટલાક સ્થળે–કેટલીક સમાજોમાં શાસ્ત્રાર્થ થાય છે અને પરિણામે ગળો તિરસ્કાર પ્રત્યક્ષ થાય છે તેમ ન કરતાં, વિતંડાવાદ ન કરતાં પ્રતિપક્ષી પ્રત્યે સદ્‌ભાવ દર્શાવ્યો. મહાવીરે આ બ્રાહ્મણોને પ્રેમથી બોલાવ્યા. તેમની શંકા સાંભળી અને દલીલોથી શાસ્ત્રના પ્રમાણોથી તેમની

શંકાનું સમાધાન કર્યું. તેમને પોતાના મતના કર્યા અને આ પ્રમાણે શ્રી પ્રભુએ ૪૪૦૦ શિષ્યોને દિક્ષા આપી. અને સ્ત્રી તેમજ પુરૂષોને સદ્બોધી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

મહાવીર પ્રભુએ આમ અનેક સ્થળે ફરી ભવકુપમાં ડુબતા પ્રાણીઓને બહાર કાઢી છેલ્લુ ચોમાસુ મધ્યમ પાવા પુરીમા ગાળ્યું, અને આસો વદ અમાસ એટલે દિવાળીને દિવસે બહોતેર વર્ષની વયે મહાવીર નિર્વાણ પામ્યા.

શ્રી મહાવીરે આ પ્રમાણે જન્મથી નિર્વાણપદ સુધી કેવળ પરકલ્યાણ જ કર્યું છે. ત્રીશ વર્ષના ગૃહસ્થાશ્રમમા રામાનતા પ્રેમ–દયા–માતાપિતાની સેવા, અહિંસા, આત્મત્યાગ, વ્યવહાર કુશળતા, આસક્તિનો અભાવ છતાં સ્નેહજ દર્શાવ્યા છે. એક આજ્ઞાંકિત પુત્ર તરીકે, સ્નેહાળ પતિ તરીકે, પુત્રીવત્સલ પિતા તરીકે, પ્રાણી માત્રના બન્ધુ તરીકે જ શ્રી મહાવીરનું જીવન ગયું છે. બાર વર્ષ વિહારના ગાળ્યાં તેમા અનેક જ્ઞાતિ અને સ્થિતિના સ્ત્રી પુરૂષોને કેવળ પ્રેમ–દયાથીજ તાર્યા છે. ત્હેમા પણ તારૂં છું એમ અહંતા કે અભિમાનથી નહીં જ. પોતે પરમાત્માને પગલે ચાલી જગતમાં પરમાત્માને પગલે ચાલતાં શિખવ્યુ છે. ત્યાર પછીના ત્રીશ વર્ષમાં વળી ઉન્નતિ ગુણો પ્રકાશ્યા હતા

અહિંસાનો પરમમંત્ર ત્હેમણે સાધ્યો હતો. પર ધર્મી અન્ય-મતાવલમ્બી પ્રત્યે અભિરૂચી, એમના ધર્મની અવગણનામાં જ આપણા ધર્મની મહત્તા મહાવીરે માની જ નથી. એમ શંકા સમાધાનથી જ ધર્મ પ્રવર્તાવ્યો હતો અને એ મહાગુણને લીધે જ એમનો વિજય થયો./

શ્રીમહાવીરની જયન્તિને દિવસે એ મહાત્માના ક્ષમા-અહિંસા-ભૂત દયા-આત્મ ભોગનું કાંઈક સ્મરણ કરી એમને પગલે ચાલ્યા આપણા બન્ધુઓમાં ઉત્સાહ પ્રગટો એજ મહેચ્છા.



માનવંતા પ્રમુખ સાહેબ, પૂજ્ય વડીલો, માતાઓ, ભગિનીઓ અને વ્હાલા બન્ધુઓ.

હું આપની સમક્ષ અમારા મંડળ તરફથી શ્રીમહાવીર જયન્તિ સંબંધી મારી અલ્પમતિ અનુસાર યત્‌કિંચિત ઉર્મિઓ દર્શાવવા ઉભો થયો છું, પણ હું તે સંબંધી બોલું તે પહેલાં મારે એક ઘણીજ અગત્યની ફરજ, અત્યંત આભારની લાગણી સાથે, બજાવવાની છે, તે એજ કે.—

આપ સર્વેએ અત્રે પધારી અમારા મંડળના ઉત્સાહમાં વધારો કર્યો છે, અને આ ભવ્ય મેલાવડાને શોભાવ્યો છે, તે

ખાતર અમારૂં મંડળ આપ સર્વેનો ખરા અંતઃકરણથી આભાર માને છે. વળી આ મેળાવડો આટલો બધો ફતેહમંદ થશે એવો અમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો, પણ અમારા પૂજ્ય વડીલ બન્ધુઓ શ્રીયુત ખીમજી હીરજી કાયાણી, માસ્તર વીરજી રાજપાળ, બુકસેલર મી. મેઘજી હીરજી અમારા કાર્યને ઉત્તેજન આપવા સામેલ થયા હતા; આજે આપણે સર્વે આ સ્થળે એકઠા થયા છીએ, તે પણ એ ત્રણ બન્ધુઓની અથાગ મહેનતને આભારી છે. માટે તેઓશ્રીનો પણ અમારૂં મંડળ અનહદ આભાર માને છે. આવા પરમાર્થે,—લોકકલ્યાણાર્થે અને જ્ઞાતિહિતાર્થે પ્રયત્નો કરનારા બન્ધુઓ લાંબી જીંદગી ભોગવી, આવાં સત્કાર્યો હંમેશાં તન, મન, ધનથી કરતા રહે એવી અમે શ્રી મહાવીર પ્રભુ આગળ યાચના કરીએ છીએ.

મંગલ ભગવાન વીરો મંગલ ગૌતમ પ્રભું
મંગલ સ્થુલી ભદ્રાય જૈનો ધર્મસ્તુ મંગલં.

ગૃહસ્થો, શ્રીમહાવીર પ્રભુએ જગતના જીવોને દેખાડી આપ્યું છે કે જાતે કષ્ટ ભોગવ્યા વિના પરમાર્થ સાધન થઈ શકતું નથી, માટે દરેક પુરૂષે પરમાર્થ સાધન કરવા માટે કષ્ટ સહન કરવું જ જોઈએ.

ગૃહસ્થો, દાન દેવાથી ઉદાર વૃત્તિ થાય છે, કર્મનો બોજો તથા સંસારી જંજાળ ઓછી થાય છે, માટે હમેશાં માણસે ત્યાગ વૃત્તિ રાખવી અને યથાશક્તિ દાન દેવું જોઇએ.

ગૃહસ્થો, જ્ઞાનદાન સર્વોત્તમ હોવાથી મહાવીર પ્રભુને ઇંદ્ર નરેંદ્ર શ્રેષ્ઠી કિંવા તમામ મનુષ્યો તથા પ્રાણીઓ નમસ્કાર કરીને તેમનું જ્ઞાન સાંભળતા હતા, અને સદ્બોધ પામીને મુક્તિ કિંવા સદ્ગતિ પામતા હતા, તેમ આપણે પણ આપણા પૂજ્ય સદ્બોધ દાતા ગુરૂઓને વારંવાર નમસ્કાર કરીને તેની પાસેથી જ્ઞાન મેળવી સારે માર્ગે ચાલી સદ્ગતિ મેળવવી જોઇએ.

ગૃહસ્થો, હાંસે કરેલાં દુષ્ટ કર્મોનું પ્રાયશ્ચિત ન લેવાથી તથા પશ્ચાતાપ ન કરવાથી કેટલાય ભવ શ્રીમહાવીર પ્રભુને તેનાં ફળ ભોગવવાં પડયાં છે. કષ્ટ ભોગવતાં ધૈર્ય રાખી, દ્વેષ ન કરવાથી મુક્તિમાં ગયા. તેમ આપણે પણ જો પાપ કરીશું તો ભોગવવું પડશે. કદાચ અજાણથી પાપ થાય તો તે નાશ કરવા સારી રીતે ચાલવા પ્રતિજ્ઞા લઇ પૂર્વ પાપો પ્રતિક્રમણથી દૂર કરી દેવાં, અને દુરત થયલાં કષ્ટ આવી પડે તો બીજાનો દોષ ન કાઢતાં કર્મનો દોષ કાઢી ધૈર્ય ધારી સામાયિક

પ્રકારે સહન કરવાથીજ મુક્તિ મળે.

ગૃહસ્થો, શ્રીમહાવીર પ્રભુને પૂજવાથી, ધ્યાન કરવાથી, સ્તવન ગાવાથી, આપણને એ લાભ થવો જોઇએ કે આપણે હમેશા તેમના જેવા નિર્મળ પરમાર્થી, નિસ્પૃહી થવાનુ ખાસ શીખવુ જોઇએ.

ગૃહસ્થો આટલું બોલી બેસવાની રજા લઉં છું.

જખુ દેવજી વીરા,
સેક્રેટરી,
માડવી સ્કૂલ વિદ્યાર્થી મડળ,—મુબઇ.

માન્યવર પ્રમુખ સાહેબ, મુરબ્બીઓ, બન્ધુઓ અને બ્હેનો.

એક પ્રખ્યાત ઇંગ્રેજ કવિ કહે છે કે—"જે પ્રજા ને પોતાના વીરોને માર્ગદર્શક આત્મા માનતી નથી, તે પ્રજાનો વહેલો અથવા મોડો વિનાશ થવાનો." આ અક્ષરશ સત્ય છે.

વીરાત્માઓ પ્રજાનુ જીવન છે—આપણા ઉત્તેજક પ્રેરક પવિત્ર બનાવનાર સાધનો છે. આમ હોવાથીજ બીજી કોમો

ઇતિહાસનાં પાનાં ઉથલાવી સામાન્ય ગણુનાના મનુષ્યને બહાર લાવી–વીર માની વીરપૂજા કરવા ફાંફાં મારે છે. બન્ધુઓ! આપણે જૈનોને ઇતિહાસનાં પાનાં ઉથલાવવાની જરૂર નથી. જેમ કવિઓ બનતા નથી, પણ જન્મે છે. તેમ મહાત્માઓ પણ જન્મે છે, બનતા નથી.

બન્ધુઓ! આપણા શ્રી મહાવીર આવા જન્મમહાત્મા–વીરાત્મા હતા. એમના જીવનમાંથી જૈનોને એટલુજ નહિ પણ જૈનેતરને પણ શિખવાનુ મળે એમ છે. મહાત્માઓનાં જીવન અન્યને માટે જ છે. શ્રીમહાવીરનું જીવન પણ પરહીતમાજ વ્યતીત થયું હતું. બાળક તેમજ વૃદ્ધ ગરીબ તેમજ તવંગરને શ્રીમહાવીરનુ જીવન અર્થ વાળુ–રહસ્ય વાળુ અને ઉદાત બનાવે એવું લાગ્યા વિના રહેશે નહિ.

એક પૃથ્વીપતિના લાડીલા પુત્ર હોવા છતા, બાલ્યાવસ્થામાં શ્રીમહાવીરે ગરીબોની સાથે ભળી મનુષ્ય માત્ર બન્ધુઓ છે, એ પુરવાર કર્યું હતુ. સર્વજ્ઞ હતા છતાં દુનિયામાં યુવાનો–બાળકોને દાખલો બેસાડવા નિર્વાણનું સાધન જે જ્ઞાન તે મેળવવા અંતકરણ પુર્વક શ્રમ અને સમયનો ભોગ આપ્યો હતો.

સંસાર ઉપર મૂળથીજ આસક્તિ નહોતી, છતાં કેવળ માતાપિતાની આજ્ઞાને લીધેજ સંસારમાં પડયા હતા. આ પ્રમાણે આપણા શરીરના કર્ત્તા આપણાં માબાપ પ્રત્યેની ફરજ તેઓ સારી રીતે સમજયા હતા. અને ઉછરતી પ્રજા એ આજ્ઞાનુ પાલન કરે એટલા માટે જ સંસારની ધુંસરી સ્વીકારી.

લગ્નવસ્થા માટે શ્રીમહાવીરની બહુ પ્રીતિ નહોતી, પરન્તુ એક વખત એ સ્થિતિ સ્વીકાર્યા પછી પોતાની પત્ની કે પુત્રીને જરા પણ અસંતોષ આપ્યો નહોતો. આ પ્રમાણે એક યોગ્ય પુત્ર તરીકે, પ્રેમાળ પતિ તરીકે, સ્નેહાળ પિતા તરીકે અને ઉદાત્ત પુનીત આત્મા તરીકે શ્રી મહાવીરનું જીવન દુનિયાના ઇતિહાસમાંથી મળવું મુશ્કેલ છે.

એક સાપ કાંચળીનો ત્યાગ કરે, તેમ શ્રી મહાવીરે પણ સંસારનો ત્યાગ કરી ઉચ્ચ મનોબલ દર્શાવ્યુ છે.

શ્રી મહાવીરે પોતાનુ પાછલું જીવ જનસમાજની ઉન્નતિમાંજ ગાળ્યું હતું. એમની વિલક્ષણ મનઃશાન્તિ, દયા અને ક્ષમાશીલ સ્વભાવને લીધે શ્રી મહાવીર અજાતશત્રુ લેખાયા છે. દયા અને અનુકંપાને લીધે એમણે અસંખ્ય દુઃખિત આત્માના હ્રદયમાં શાન્તિ પ્રસારી હતી, અને બન્ધુ

તરીકે હૃદયની લાગણીથી સહાય આપી પાપ અને અજ્ઞાનના કાદવમાં ખદબદતા અનેક આત્માને બચાવ્યા હતા.

વ્હાલા બન્ધુઓ ! આ ચરમ તીર્થંકરના ગુણાનુવાદ કરવા ગ્રન્થોને ગ્રંથો પણ પુરતા નથી. આવા મહાત્માના ગુણાનુવાદ ગાઇ, એમના દર્શાવેલા માર્ગે જવા યત્ન કરવા અને ઉચ્ચ જીવન ગાળવું એજ આ જયન્તિનો ઉદ્દેશ છે.

શ્રી મહાવીર સબંધી જેમ આપણે ઉંડા ઉતરીએ છીએ, એમના જીવનનો જેમ અભ્યાસ કરીએ છીએ, તેમ આપણે વધારે પવિત્ર અને વધારે ઉન્નત બનીએ છીએ.

બન્ધુઓ, આટલા માટે જાગૃત થાઓ, અને શ્રી મહાવીરનું જીવનસૂત્ર પ્રેમ અને દયાનો પાઠ ગ્રહણ કરો. અને દુનિયામા શ્રી મહાવીરના નામનો વિજય વાવટો ઉચકો.

જેઠાભાઇ રાજપાળ માસ્તર,
માજી સેક્રેટરી,
માંડવી સ્કૂલ વિદ્યાર્થી મંડળ, મુંબઇ.

G. M Dagha,

Secretary, Mandvi School Vidyarthi Mandal.

8-4-1914.

Worthy President, Elders, brothers and sisters,

An eminent author says "A nation that has no reverence for its heroes, and a nation that does not look upon its herodes as its guiding spirits, is sooner or later sure to fall." Heroes are the life giving, inspiring, purifying means to us This being the case, other communities try hard to make a hero of an ordinary mortal from the pages of their history. Brothers we have nothing like this to do. Heroes like poets are not made, but are born. And our Shri Mahavir was a born hero, a born Mahatma. His life is a lesson to Jains and non-Jains. Like Jesus, Budha, he lived for others. To the young and the old, the rich and the poor, Shri Mahavir's life is ennobling and full of meaning. In childhood, though

son of a potentate he showed equality of men by playing with the poor and the low. Though all knowing, to set example to youths, he devoted his time and energy to get knowledge-the way to Nirvan. He had no liking for the worldly life, still in obedience to parents, he willingly entered the married life. This duty to parents-the authors of our bodies-he well understood and placed it as an ideal for the coming generation. Married life, he did not much like, but when once entered, he gave not a cause of complaint to his beloved wife or the daughter. Thus as a worthy son, devoted husband, affectionate father and as a dignified elevating soul, Shri Mahavir stands unparalleled in the history of the world His strength of mind is seen when he removes the shackles of the worldly life like a slough of a serpent. He devoted his after life for the uplift of society. He suffered for others by his untiring tranquility of mind and forbearance, changed foes

into friends. Through compassion, fellow-feeling and divine love, spread internal peace in the hearts of the distressed and extending a brotherly hand, he uplifted the innumerable souls that were wallowing in the mud of ignorance and sin. Dear Brothers, volumes would be insufficient to depict the merits of our Tirthankar. To cherish his memory, to walk in his words, must bo the aim of such Jayantees and the more we think of Shri Mahavir and his life, the more noble and pure we become. Let us then be up and from today make a vow to spread and to act up the preaching of Shri Mahavir viz Fraternity and Love.



વાંચવા લાયક પુસ્તકો.

---

૧ ઉષાકાન્ત. ગમ્મત નોવેલ પાના ૩૦૦. ૧—
૨ મધુકાં. હિંદુ સંસારી વાર્તા. ૬—
૩ રાજમાર્ગનો મુસાફર. બોધદાયક નાનું પુસ્તક. ૦—
૪ [illegible] ૯—
૫ [illegible] ૦-
૬ [illegible] વાર્તા [illegible]
૭ [illegible] વાર્તા. અતિ રમુજી. [illegible]
૮ [illegible] રમુજી વાર્તા. [illegible]
૯ [illegible] ભાગ ૪. નોવેલ. [illegible]
૧૦ Selections from English Poets. [illegible]
૧૧ [illegible] અતિ રમુજી નોવેલ પાના [illegible] [illegible]
૧૨ [illegible] હિંદુ [illegible] વાર્તા છપાય છે.
૧૩ [illegible] સંસારી વાર્તા છપાય છે.
૧૪ મોહિની. અતિ ઉત્તમ નોવેલ. ([illegible])

છપો લેખકોઃ—[illegible] ર. ત્રિવેદી બી. એ.

[illegible] અમદાવાદ.

આ "શ્રી મહાવીર" [illegible]